વિભાગ હસ્તકની વડી કચેરી, જિલ્લા કચેરી અને ઘટક કચેરીઓની જગ્યાઓ આઉટસોર્સીંગથી ભરવા બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૦૨૦૧૨/૪૨૯૮/બ૧
સચિવાલય, ગાંધીનગર
તા.૨૬/૦૨/૨૦૨૧

**વંચાણે લીધા:**

1) મહિલા અને બાળ વિકાસ વિભાગનો સમાન ક્રમાંકનો તા.૦૨/૧૨/૨૦૧૯ નો ઠરાવ.
2) મહિલા અને બાળ વિકાસ વિભાગનો સમાન ક્રમાંકનો તા.૦૨/૦૯/૨૦૨૦ નો ઠરાવ.

**આમુખ:**

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવથી કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગરની કુલ-૩૮ જગ્યાઓને ૧૧-માસ માટે આઉટસોર્સથી ભરવાની મંજુરી આપેલ હતી. વંચાણે લીધા ક્રમાંક (૨) પરના ઠરાવથી જિલ્લા અને ઘટક કક્ષાની કુલ-૬૦૨ જગ્યાઓને ૧૧-માસ માટે આઉટસોર્સથી ભરવાની મંજુરી આપેલ હતી. આ જગ્યાઓની સેવા વધુ ૧૧-માસ માટે આઉટસોર્સથી મેળવવાની મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી:

**ઠરાવ:**

૧) સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગરની નીચે મુજબની કુલ-૩૮ જગ્યાઓ ભરાયેલ હોવાની શરતે આઉટસોર્સની સેવાઓ વધુ ૧૧-માસ (૩૧/૦૧/ ૨૦૨૨) અથવા નિયમિત ઉમેદવારો ઉપલબ્ધ થાય તે બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે:

| ક્રમ | આઉટસોર્સથી ભરવાની જગ્યાનું નામ | કુલ જગ્યા |
|---|---|---|
| ૧ | એકાઉન્ટન્ટ | ૦૪ |
| ૨ | જુનિયર ક્લાર્ક | ૨૭ |
| ૩ | ક્લાર્ક કમ ટાઈપીસ્ટ | ૦૨ |
| ૪ | પ્રિસ્કુલ ઈન્સ્ટ્રક્ટર | ૦૩ |
| ૫ | ડ્રાઈવર | ૦૨ |
| | કુલ | ૩૮ |

૨)  સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત જિલ્લા અને ઘટક કચેરીની નીચે મુજબની કુલ-૫૧૭ જગ્યાઓ ભરાયેલ હોવાની શરતે આઉટસોર્સની સેવાઓ વધુ ૧૧ માસ (૦૨/૧૧/ ૨૦૨૧) અથવા નિયમિત ઉમેદવારો ઉપલબ્ધ થાય તે બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે:

| ક્રમ | આઉટસોર્સથી ભરવાની જગ્યાનું નામ | જિલ્લા કક્ષાની જગ્યાઓ | ઘટક કક્ષાની જગ્યાઓ | કુલ જગ્યાઓ |
|---|---|---|---|---|
| ૧ | કચેરી અધિક્ષક | ૧૮ | --- | ૧૮ |
| ૨ | આંકડા મદદનીશ | ૧૪ | ૨૫૨ | ૨૬૬ |
| ૩ | હિસાબનીશ | ૨૧ | --- | ૨૧ |
| ૪ | જુ.ક્લાર્ક | ૧૧ | ૨૦૧ | ૨૧૨ |
| | કુલ | ૬૪ | ૪૫૩ | ૫૧૭ |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૨૨/૦૨/૨૦૨૧ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ચૈતન્ય નિમાવત)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ...................
4. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, ................
5. વિભાગીય નાયબ નિયામકશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ.
6. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ) જિલ્લા પંચાયત કચેરી, જિ...............
7. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ) , મ્યુનિસિપલ કોર્પોરેશન,..................
8. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
9. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ.
10. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
11. સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર - વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.
12. શાખા સિલેક્ટ ફાઇલ